તા. ૦૬.૦૬.૨૦૨૪
દિવ્ય ભાસ્કર ફ્રન્ટ પેજ

# થલતેજ-વસ્ત્રાપુર મેટ્રો સ્ટેશનથી 5 રૂટ પર AMTS શરૂ કરાઈ

ઈન્ફ્રા રિપોર્ટર | અમદાવાદ

મ્યુનિ.એ મેટ્રો સ્ટેશનેથી લોકોને કનેક્ટિવિટી મળી રહે તે માટે થલતેજ અને વસ્ત્રાલ મેટ્રો સ્ટેશન પર એએમટીએસની બસ સેવા શરૂ કરી છે. થલતેજથી 60 નંબરની શટલ બસ શરૂ કરાઈ છે. થલતેજ મેટ્રોથી બોપલ, ગુરુદ્વારા, હેબતપુર, શિલજ, ઘુમા, સિંધુભવન રોડ, સોલા, ઘાટલોડિયા, ગુજરાત હાઈકોર્ટ, સતાધાર ચાર રસ્તા ઈસ્કોન મંદિર, શ્યામલ, પ્રહલાદનગર સહિતના વિસ્તારોમાં સરકયુલર અને એન્ટિ સરક્યુલર રૂટ પર બસ ફરશે. વસ્ત્રાલ મેટ્રો સ્ટેશનથી માધવ ફાર્મ, આદિનાથ નગર, ઓઢવ, સિંગરવા, રણજીપુરા, નિરાંત ચોકડી થઈ બસ પરત વસ્ત્રાલ ફરશે. 15થી 20 મિનિટના અંતરે બસ મળી રહેશે.